# પ્રકરણ : ૪

# ધારાસભ્યોની પગારવધારા બાબતની અરજીનો મોરારજી સ્ટાઈલમાં જવાબ

-કેરસી દેબુ

"એટલે તમે શું કહેવા માંગો છો?" મોરારજીભાઈએ જાણે મોટેથી ત્રાડ નાંખી.

"હું પણ ગૃહમંત્રી તરીકે માત્ર ૨૫૦ રૂપિયા પગાર લઉં છું. મંત્રીઓને ૨૫૦/- રૂ. અને ધારાસભ્યોને ૧૫૦/- રૂ. પ્રતિ માસિક મળે છે."

"પણ સાહેબ, ૧૫૦/- રૂ. બહુ ઓછા છે અને એટલા રૂપિયામાં કોઈ ધારાસભ્યનું ઘર ચાલતું નથી".

"મને મુખ્યમંત્રી તરીકે ૨૫૦/- ચાલી રહે છે તો તમને કેમ નહીં ચાલે? ૧૫૦ રૂ. પૂરતા છે. કરકસર કરો અને હોય એટલામાં ચલાવતા શીખો"

તમને રૂ.૫૦/- નો વધારો આપું તો પણ મારે ૪૫૦ ધારાસભ્યો અને બીજા કર્મચારીઓને પણ આપવા પડે. કુલ ૧૬૦૦ વ્યક્તિને ૫૦/- રૂ. પ્રમાણે માસિક એંસી હજાર એટલે વાર્ષિક લગભગ ૧૦ લાખ રૂપિયા સરકારી તિજોરી પર ભાર પડે!

પછી હાથમાં લીધેલા કાગળો ટેબલ પર પછાડીને બોલ્યા :

"આ તમે મારી સામે સહી ઝુંબેશ કરેલી કહેવાય. આ પણ એક પ્રકારની ગેરશિષ્ટ છે. મારે તમારી સામે શિષ્ટભંગના પગલાં લેવા પડશે."

"પણ સાહેબ,"

"કયાં તો આ આવેદનપત્ર પાછો ખેંચી લો અથવા શિષ્ટભંગના પગલાનો સામનો કરો."

"હા, સાહેબ હું આવેદનપત્ર પાછું ખેંચું છું."

જુના મુંબઈ સ્ટેટમા તે સમયે મોરારજીભાઈ ગૃહપ્રધાન હતા. ધારાસભ્યોને તે સમયે (૧૯૪૬-૧૯૫૧) દોઢસો રૂપિયા પગાર-ભથ્થા તરીકે મળતા. પ્રધાનોને ૨૫૦/- રૂપિયા મળતા. આ રકમમાં આવવા-જવાનો ખર્ચ પણ સામેલ હતો.

બધા જ ધારાસભ્યોને આ 'પગાર' બહુ ટૂંકો લાગતો અને હકીકતમા આ પગારમા પરિવારનું પોષણ કરવું પણ શક્ય ન હતું. બધા જ ધારાસભ્યોમા કચવાટ હતો પરંતુ મોરારજીભાઈ સમક્ષ માંગણી કરવાની હિંમત કોઈ કરતું ન હતું.

લલ્લુભાઈ મકનજી પટેલ તે સમયે નવસારી જલાલપોર વિભાગના ધારાસભ્ય હતા. ૧૯૪૬ મા માત્ર ૩૦ વર્ષની ઉંમરે ધારાસભ્ય બની મુંબઈ વિધાનસભા માટે ચૂંટાયા હતા અને મોરારજી સાથે સારો સંબંધ ધરાવતા હતા. બધા ધારાસભ્યોની ઈચ્છા મોરારજીભાઈ પાસે ૫૦ થી ૧૦૦ રૂપિયા વધુ પગારની માંગણી કરવાની હતી. એ માટે મોરારજીભાઈ સમક્ષ માંગણી કરતી અરજી લખવામાં આવી. અરજી લખાઈ પરંતુ પ્રથમ સહી કરવા કોઈ તૈયાર નહિ! બધાએ આગ્રહ કરી લલ્લુભાઈ પાસે પહેલી સહી કરાવી.

હવે પ્રશ્ન આવ્યો આવેદનપત્ર પહોંચાડવાનો. બિલાડીને ગળે ઘંટ બાંધે કોણ?

"લલ્લુભાઈ તમને મોરારજીભાઈ સાથે સારા સંબંધ છે. તમે મોરારજીભાઈને આપવા જાઓ"

લલ્લુભાઈ બલીનો બકરો બની ગયા અને મોરારજીના રોષનો ભોગ બનવું પડયું.

મોરારજીભાઈની કેબીનમાંથી બહાર નીકળેલા લલ્લુભાઈ પરસેવે રેબઝેબ હતા. લોબીમાં અન્ય ધારાસભ્યો પરિણામની રાહ જોતા ઉભા હતા. લલ્લુભાઈનું રડમસ ડાચું જોઈ બધા સમજી ગયા કે હીરો ઘોઘે જઈ આવ્યો! આ લલ્લુભાઈના સ્વમુખે સાંભળેલી વાત છે.

લલ્લુભાઈ કહેતા કે ધારાસભ્ય તરીકે રોજના ૧૦-૧૫ મુલાકાતીઓ અચૂક આવતા જે દરેકને ચાહ તો પાવી પડે! કેન્ટીનમાં એક આનાની ચાહ મળે એટલે રોજનો રૂપિયો ચાહ મા જાય. કોઈને જમાડવા પડે તો બીજો રૂપિયો જાય. આમ મહિને ૫૦-૬૦ રૂપિયા તો મુલાકાતી પાછળ ખરચવા પડે. જે લોકોની ઘરની સ્થિતિ સારી હોય તેઓને વાંધો નહીં પરંતુ કેટલાકની સ્થિતિ એવી હતી જે ધારાસભ્ય હોવા છતાં ઘરની પરિસ્થિતિ કરૂણ રહેતી.

લલ્લુભાઈ તો સાધન સંપન્ન વ્યક્તિ હતા અને પોતાની ખેતી પણ હતી પરંતુ નવસારીના ધારાસભ્ય નારણભાઈ રાઠોડને મોરારજીભાઈનો કડવો અનુભવ થયેલો. નારણભાઈ ૧૯૫૨ મા નવસારીથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયેલા અને મુંબઈ રાજયમા મોરારજી મુખ્યમંત્રી હતા.

નારણભાઈની સ્થિતિ અત્યંત ગરીબ. ચોથા વર્ગના કર્મચારી તરીકે ટૂંકા પગારમા ઘર ચલાવતા તેઓનું ઝૂંપડા જેવું ઘર.

નારણભાઈના સ્વમુખે સાંભળેલી વાત છે. નારણભાઈ માટે દયા ઉપજયા વગર નહિ રહી. ૧૯૫૨ મા પણ ધારાસભ્યોને ‘પગાર’ માત્ર રૂ.૧૫૦/- જ મળે તો નારણભાઈનું પરિવાર નવસારી રહે. નારણભાઈ મુંબઈ એમ.એલ.એ. હોસ્ટેલમાં રહે. બબ્બે ઘર ચલાવવામાં નારણભાઈને ૭૦૦-૮૦૦ રૂ. જેટલું દેવું પણ થઈ ગયેલું.

એક દિવસ મોરારજીભાઈનું કહેણ આવ્યું.

“નારણભાઈ મને મળી જશો.”

નારણભાઈ મોરારજીને મળવા ગયા.

“નારણભાઈ તમે ખાદી ગ્રામોદ્યોગમાં કામ કર્યું છે એટલે હું તમને રાજય ખાદી બોર્ડમાં સ્થાન આપવા માંગુ છું. જે કામ તમારે કરવાનું છે”.

“હાજી સાહેબ હું ખુશીથી કરીશ”

નારણભાઈએ ખાદી ગ્રામોદ્યોગનું કાર્ય એક મહિના કર્યું. પછી બીજા મહિને પગારના બે ચેક આવ્યા. ૧૫૦ રૂ. ધારાસભ્યના તથા ૧૫૦ રૂ. ખાદી બોર્ડના આમ ૩૦૦ રૂ. મળતા નારણભાઈને થોડી રાહત થઈ.

નારણભાઈને છ મહિના સુધી આ રીતે બમણો પગાર મળતા નારણભાઈ દેવામુકત થઈ શકયા પરંતુ નારણભાઈની ખુશી લાંબી ટકી નહિ. ફરી મોરારજીભાઈનો કોલ આવ્યો અને નારણભાઈ મોરારજીભાઈને મળવા ગયા.

“નારણભાઈ તમને શરમ નથી આવતી?” મોરારજી ટહુકયા

“મેં શું કર્યું સાહેબ?”

“તમે બબ્બે બાજુથી પગાર લો છો?”

“સાહેબ મેં કોઈ પગારની માંગણી કરી નથી. નિયમ પ્રમાણે જે આપતા હશે તે પ્રમાણે મને મળ્યા અને મેં સ્વીકાર્યા”.

“ના, આ કામ તમારે વિના વેતન કરવાનું હતું અને છે. આમ બે બાજુથી વેતન લો તે નહિ ચાલે. જે રકમ તમે લીધી છે તે જમા કરાવી દો.”

“પણ સાહેબ મારી પાસે કોઈ રકમ નથી જે મળ્યા તે મેં દવા પેટે ચૂકવી દીધા છે.”

“વધારાની રકમ જે લીધી છે તે તમારે પરત કરવી જ પડશે. તમારા ધારાસભ્યના પગારમાંથી દર મહિને ૫૦ રૂપિયા જમા કરાવી દેશો.”

મોરારજીભાઈની ‘કરકસર’ યોજના નારણભાઈ માટે તો ચિંતાનો વિષય બની ગયો પરંતુ પાલન તો કરવું જ પડયું!

નારણભાઈ અને પરિવારે લાંબા સમય સુધી માત્ર એક ટંક ખાઈને રહેવું પડયું.